## ખાલી જગ્યાઓ માટે

- ★ શિક્ષાપત્રીમાં શ્લોકોની સંખ્યા ૨૧૨ છે.
- ★ વૃત્તાલય ગામનું બીજું નામ વડતાલ છે.
- ★ શ્રી સ્વામિનારાયણ ભગવાને શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા શ્રી રઘુવીરજી મહારાજ તે બન્નેને પોતાના દત્તક પુત્ર તરીકે સ્વીકાર્યા હતા.
- ★ દેવતા અને પિતૃ ના યજ્ઞને અર્થે પણ બકરાં આદિની હિંસા ન કરવી.
- ★ અહિંસા એ મોટો ધર્મ છે.
- ★ સ્ત્રી, ધન અને રાજ્ય તેની પ્રાપ્તિને અર્થે પણ મનુષ્યની હિંસા તો ક્યારેય ન કરવી.
- ★ ત્રણ પ્રકારની સુરા અને અગિયાર પ્રકારનું મદ્ય તે દેવતાનું નૈવેદ્ય હોય તો પણ ન પીવું.
- ★ ધર્મ કાર્યને માટે પણ ચોરી તો ન જ કરવી.
- ★ સ્ત્રી તથા પુરુષ તેમણે વ્યભિચાર ન કરવો.
- ★ જુગટું આદિ વ્યસન નો ત્યાગ કરવો.
- ★ પોતાના સ્વાર્થની સિદ્ધિને માટે બીજા કોઈ ઉપર મિથ્યા અપવાદનું આરોપણ ન કરવું.
- ★ સત્સંગીએ ક્યારેય ગાળ ન બોલવી.
- ★ જેના વચનને સાંભળવે કરીને ભગવાનની ભક્તિ અને પોતાના ધર્મ થકી પડી જવાય તેના મુખથી ભગવાનની કથાવાર્તા ન સાંભળવી.
- ★ વ્યવહાર કાર્યને વિશે લાંચ ન લેવી.
- ★ ભક્તિનું અથવા જ્ઞાનનું અવલંબન લઈ સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદમાં પ્રવર્તતા મનુષ્યનો સમાગમ ન કરવો.
- ★ જે શાસ્ત્રમાં ભગવાનનું અને ભગવાનના અવતારનું યુક્તિએ કરી ખંડન કર્યું હોય તે શાસ્ત્ર ન માનવાં.
- ★ દારૂ તથા માંસ ના સંસર્ગવાળું ઔષધ ન ખાવું.
- ★ સ્ત્રીઓ, રાજા તથા રાજાના માણસ સાથે વિવાદ ન કરવો.
- ★ વ્યવહાર સંબંધી કાર્ય બહુ વિચારીને કરવું અને ધર્મ સંબંધી કાર્ય તત્કાળ કરવું.
- ★ સત્સંગીએ પૂર્વ મુખે અથવા ઉત્તર મુખે બેસી ભગવાનની પૂજા કરવી.
- ★ સુવાસિની સ્ત્રીએ ભાલમાં કુંકુમ નો ચાંદલો કરવો.

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

★ આત્મનિવેદી ભક્તે ભગવાનને અર્પણ કર્યા વિના જળ પણ ન પીવું.
★ સત્સંગીએ સભામાં વસ્ત્રથી ઢીંચણ બાંધીને ન બેસવું.
★ સત્સંગીએ પોતાના આચાર્ય સંગાથે ક્યારેય વિવાદ ન કરવો.
★ સમદૃષ્ટિએ કરીને મર્યાદા નું ઉલ્લંઘન ન કરવું.
★ યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ એ ધર્મશાસ્ત્ર છે.
★ યાજ્ઞવલ્કય સ્મૃતિની મિતાક્ષરા ટીકા અતિ પ્રમાણભૂત છે.
★ શ્રીમદ્ ભાગવતનો પંચમ સ્કંધ યોગશાસ્ત્ર છે અને દશમ સ્કંધ ભક્તિશાસ્ત્ર છે.
★ રામાનુજાચાર્યે વ્યાસસૂત્ર તથા શ્રી ભગવદ્ગીતા ઉપર શ્રીભાષ્યો રચ્યાં છે.
★ દેહમાં જીવ હૃદય ને વિશે રહ્યો છે.
★ માયા દેહને વિશે અહંબુદ્ધિ અને દેહસંબંધી પદાર્થને વિશે મમત્ત્વબુદ્ધિ તેને કરાવનારી છે.
★ ઈશ્વર સર્વ જીવને કર્મફળ ના આપનારા છે.
★ ભક્તિ અને સત્સંગ એ બે વિના વિદ્વાન પણ અધોગતિને પામે છે.
★ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો (આપણો) મત વિશિષ્ટાદ્વૈત છે.
★ આચાર્યે કોઈ જીવને વિશે ક્રૂરપણું ન કરવું અને કોઈની થાપણ ન રાખવી.
★ ભાદરવા સુદિ ચતુર્થીને દિવસે ગણપતિ ની પૂજા થાય છે.
★ આસો વદિ ચતુર્દશીને દિવસે હનુમાનજી ની પૂજા થાય છે.
★ આચાર્યે સાધુ ને આદર થકી માનવા તથા સચ્છાસ્ત્ર નો અભ્યાસ આદરથકી કરવો.
★ વિદ્યાદાને કરીને મોટું પુણ્ય થાય છે.
★ ગૃહસ્થાશ્રમી પુરુષે પોતાની પત્ની નું દાન ન કરવું.
★ સત્સંગી ખેડૂતે બળદિયાના વૃષણનો ઉચ્છેદ ન કરવો.
★ આવકને અનુસાર જ ખર્ચ કરવો.
★ દરરોજ પોતાને હાથે આવકજાવકનું નામું લખવું.
★ ગૃહસ્થ સત્સંગીએ પોતાની આવકનો દસમો ભાગ ભગવાનને અર્પણ કરવો.
★ દુષ્ટ માણસ સાથે વ્યવહાર ન કરવો.
★ ધનાઢ્ય ગૃહસ્થ સત્સંગીએ હિંસાએ રહિત ભગવાનના યજ્ઞ કરવા તથા મંદિરને વિશે મોટા ઉત્સવ કરાવવા.
★ સુવાસિની સ્ત્રીઓએ પોતાના પતિને ઈશ્વર ની પેઠે સેવવો.

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

★ વિધવા સ્ત્રીઓએ પતિબુદ્ધિથી ભગવાન ને સેવવા.
★ વિધવા સ્ત્રીઓએ વ્રત-ઉપવાસે કરીને દેહ નું દમન કરવું.
★ વિધવા સ્ત્રીઓએ દિવસમાં એકવાર આહાર કરવો અને પૃથ્વી ને વિશે શયન કરવું.
★ વિધવા સ્ત્રીઓએ પુરુષના શૃંગારરસ સંબંધી વાર્તા ન કરવી તથા ન સાંભળવી.
★ સ્ત્રીઓએ પોતાનું રજસ્વલાપણું ક્યારેય ગુપ્ત ન રાખવું.
★ નૈષ્ઠિક બ્રહ્મચારીએ સ્ત્રીઓને ઉદ્દેશી ભગવાન નાં કથા-વાર્તા-કીર્તન પણ ન કરવાં.
★ સાધુએ દ્રવ્ય નો સંગ્રહ કરવો નહિ તથા બીજા પાસે કરાવવો નહિ.
★ સાધુ-બ્રહ્મચારીએ સ્વજનને વિશે મમતા ન કરવી.
★ સત્સંગીમાત્રે દરરોજ શિક્ષાપત્રી નો પાઠ કરવો.

## ટૂંકનોંધ

### સવારે જાગ્રત થયા પછી પૂજા પર્યંતનો વિધિ

પ્રાતઃકાળમાં સૂર્યોદય પહેલાં જાગવું. તેમાં પણ બ્રાહ્મમુહૂર્તમાં સવારે ચાર વાગે જાગવું તે ઉત્તમ છે. ભગવાનના સ્મરણ તથા પ્રાર્થના સાથે પ્રસન્નચિત્તે જાગવું. વહેલા જાગવા માટે રાત્રે વહેલા સૂવાની ટેવ પાડવી. વહેલા જાગવાથી બળ, બુદ્ધિ, તેજ-કાંતિ વૃદ્ધિ પામે છે. શરીર નીરોગી રહે છે.

શૌચ-દાતણ-સ્નાન વગેરે ભગવાનના સ્મરણે સહિત કરવું. ત્યારબાદ સિવ્યા વિનાના ધોયેલા પવિત્ર બે વસ્ત્ર (શ્વેત ધોતી અને રેશમી ચાદર) પરિધાન કરવાં. સારી રીતે બેસી શકાય તેવા ઊનના, કંતાનના અથવા રેશમના આસન ઉપર પૂર્વમુખે અથવા ઉત્તરમુખે સ્વસ્તિકાસને બેસવું. સ્નાનાદિક સર્વ ક્રિયા દરમ્યાન સ્વામિનારાયણ મહામંત્રની ધૂન, સ્તોત્રના પાઠ તથા સદ્‌ગ્રંથોની આવૃત્તિ વગેરે કરવું. આ સર્વે મૌન અને ભગવાનની સ્મૃતિએ સહિત શાંતચિત્તે કરવું.

આસન પર બેસી સર્વ પ્રથમ તિલક-ચાંદલો કરવો, શરીર ઉપર તિલક-ચાંદલો ચાર જગ્યાએ કરવો (૧) ભાલમાં, (૨) વક્ષઃસ્થલમાં - છાતીમાં (૩) જમણી ભુજાએ, (૪) ડાબી ભુજાએ, ભાલમાં જે ચાંદલો કરવો તે કુંકુમનો કરવો અને બીજા જે ત્રણ સ્થાને ચાંદલા કરવા તે ચંદનથી તિલકે સહિત કરવા. સધવા સ્ત્રીઓએ કેવળ ભાલમાં કુંકુમનો ચાંદલો જ કરવો, પણ તિલક કરવું નહિ. વિધવા સ્ત્રીઓએ ચાંદલો પણ ન કરવો. ત્યારબાદ પૂજાની સામગ્રી ભેગી કરી આપણે શ્રી ઠાકોરજીને નવરાવવા, વસ્ત્રાલંકાર ધરાવવાં, જમાડવા, પોઢાડવા વગેરે સેવા કરીએ છીએ. તેવી જ રીતે મનની ભાવનાએ કરીને પૂજાની બધી સામગ્રી કલ્પી ભગવાનનું ધ્યાન કરી પ્રેમભાવથી

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

ઋતુ અનુસારે ઋતુને યોગ્ય ઉપચારથી ભગવાનની માનસી પૂજા કરવી, માનસી પૂજા બાદ પોતાની આગળ પવિત્ર આસન પાથરી શ્રી ઠાકોરજીનાં મૂર્તિઓ પધરાવી **उत्तिष्ठोत्तिष्ठ**..... એ આવાહન મંત્ર બોલવો.

ભગવાનને આસન ઉપર વિરાજમાન કર્યા બાદ ભગવાનને પ્રાર્થના કરી ભગવાનની આગળ નૈવેદ્ય ધરવું. ત્યારબાદ ભગવાનમાં એકાગ્ર દૃષ્ટિ રાખી પ્રત્યેક મણકે 'સ્વામિનારાયણ' મહામંત્રના ઉચ્ચારણપૂર્વક ઓછામાં ઓછી ત્રણ માળા ફેરવવી. ત્યારબાદ ડાબા પગે ઊભા રહી જમણા પગને ડાબા પગના ઢીંચણ પર રાખી બન્ને હાથને ઊંચા રાખી ભગવાનમાં વૃત્તિ રાખી તપની માળા ફેરવવી. પછી પ્રદક્ષિણા કરતા કરતા માળા ફેરવવી. ત્યારબાદ પુરુષે શ્રી ઠાકોરજીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવા અને નારી જાતિએ પંચાગ પ્રણામ કરવા.

દંડવત પ્રણામ પૂર્ણ થયા બાદ ભગવાનને નૈવેદ્ય ધરાવવું. ભગવાનને પ્રાર્થના-સ્તુતિ કરી વિસર્જન મંત્ર **स्वस्थानं**....... એ શ્લોક બોલી ભગવાનને પોઢાડવા. પછી શિક્ષાપત્રીના પાંચ શ્લોકનું વાચન કરવું. આવી રીતે પૂજાવિધિ પૂર્ણ કર્યા બાદ વ્યવહારિક કામમાં જોડાવું.

## ચાતુર્માસના વિશેષ નિયમો

આપણી આર્ય સંસ્કૃતિના વ્રતોમાં ઈંદ્રિયો, અંતઃકરણનો નિગ્રહ કરી આત્મામાં પરમાત્માને ભક્તિપૂર્વક પ્રકટ કરવાનો હેતુ રહેલો છે. માટે જ બધા જ વ્રતોમાં નિગ્રહનું તત્ત્વ મુખ્ય હોય છે. વ્રતોનો સમૂહ ચાતુર્માસ (ચોમાસાના ચાર માસ)માં વિશેષ આવે છે. તે સમયમાં શરીરના આરોગ્યની દૃષ્ટિએ, તેમજ વરસાદની ઋતુમાં બીજી પ્રવૃત્તિઓ ઓછી રહે છે એટલે વિશેષ વ્રતો કરવાની અનુકૂળતા હોય છે. એ અનુકૂળતાનો લાભ લઈને વિશેષ વ્રત-નિયમ ધારીને પોતાની વૃત્તિઓને વધારે નિગ્રહપરાયણ, વિશુદ્ધ અને પ્રભુ સન્મુખ કરવાનો પ્રયત્ન કરવો એ મોક્ષભાગી મુમુક્ષુનું કર્તવ્ય છે. એ કર્તવ્યતાનું દૃઢીકરણ કરાવવાને માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં ચાતુર્માસમાં વિશેષ નિયમ ધારણ કરવાની મુમુક્ષુઓને આજ્ઞા કરી છે. માટે આ આજ્ઞા પ્રમાણે વિશેષ નિયમો, નિયમની એકાદશી (અષાઢ સુદ એકાદશી)થી અવશ્ય ધારણ કરવા જોઈએ. તે પણ આપણા ઉપાસ્ય ઈષ્ટદેવ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની સન્મુખ સત્પુરુષની ઉપસ્થિતિમાં ધારણ કરવા. જેથી તેઓશ્રી આપણી સહાયમાં રહી તે નિયમો નિર્વિઘ્ન પાર પડાવે. તે દિવસે લીધેલું વ્રત ચાર માસ એટલે કે કારતક સુદ એકાદશી બાદ દ્વાદશીના રોજ પૂર્ણ થાય છે.

જો કોઈ શારીરિક રીતે અશક્ત હોય, તો તેણે પોતાની શક્તિ પ્રમાણે એક શ્રાવણ માસ પૂરતા પણ વિશેષ નિયમ ધારણ કરવા જોઈએ. ચાતુર્માસમાં વિશેષ નિયમ તરીકે ધારણ કરવાના

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

મુખ્ય આઠ નિયમો શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં બતાવ્યા છે. (૧) ભગવાનની કથાનું શ્રવણ કરવું, (૨) કથાનું વાચન કરવું, (૩) ભગવાનના ગુણનું કીર્તન કરવું, (૪) પંચામૃત સ્નાને કરીને ભગવાનની મહાપૂજા કરવી, (૫) ભગવાનના મંત્રનો જપ કરવો, (૬) જનમંગલાદિ સ્તોત્રનો પાઠ કરવો, (૭) ભગવાનને પ્રદક્ષિણાઓ કરવી તેમજ (૮) ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કરવા. આની સાથે તપમાં ધારણાં પારણાં, એક ટાણાં, એકાદશીના નિર્જળા ઉપવાસ આદિ તથા ભગવાનની મૂર્તિનું ધ્યાન અને ગૃહસ્થોએ બ્રહ્મચર્ય વ્રતનું પાલન વગેરે નિયમો શ્રી સ્વામિનારાયણ ભગવાને ઉત્તમ માન્યા છે. મુમુક્ષુએ ચાતુર્માસને વિશે ભક્તિથી એટલે અંતરના ઊંડા પ્રેમથી ભગવાનને પ્રસન્ન કરવાને માટે આમાંથી કોઈપણ નિયમો ધારણ કરવા જ જોઈએ. અને ચાતુર્માસ પૂરો થાય એટલે આ વિશેષ નિયમો ભગવાનને ચરણે પ્રાર્થનાપૂર્વક સમર્પણ કરી નિત્યના જે નિયમો હોય તે ચાલુ રાખવા. આવી રીતે શ્રીજીમહારાજે ચાતુર્માસના વિશેષ નિયમો બતાવ્યા છે.

ચાતુર્માસમાં વિશેષ નિયમો ધારણ કરનાર મુમુક્ષુની ઉપર શ્રીજીમહારાજ પ્રસન્ન થાય છે અને તે મુમુક્ષુજન અલ્પ પ્રયાસે તત્કાળ અભીષ્ટ સિદ્ધિને પામે છે. માટે ચાતુર્માસમાં ભગવાનને પ્રસન્ન કરવા વિશેષ નિયમો અવશ્ય ધારણ કરવા જ.

## રાજાના વિશેષ ધર્મ

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન શિક્ષાપત્રીના એકસો સત્તાવનમા અને એકસો અઠ્ઠાવનમા શ્લોકમાં રાજાના વિશેષ ધર્મ વિશે સમજાવે છે કે **यथा राजा तथा प्रजाः** । એટલે જેવો રાજા હોય તેવી પ્રજા બને છે. કેમ કે **राजा कालस्य कारणम्** । રાજા એ કાળનું એટલે સમયના સારાનરસાપણાનું કારણ છે. રાજા ધર્મિષ્ઠ હોય કે પાપી હોય, ન્યાયી હોય કે અન્યાયી હોય, તો તે પ્રમાણે પ્રજામાં પણ પુણ્ય પાપ કે ન્યાય અન્યાય પ્રવર્તે છે. રાજાના હાથમાં પ્રજાનું શાસન કરવાની સત્તા રહેલી છે. પ્રજાના જીવનવ્યવહારમાં સત્તાની ભારે અસર થાય છે. માટે જે રાજા ભગવાનનો આશ્રિત હોય, તેણે તો પોતાની બધી પ્રજાને યાજ્ઞવલ્ક્યસ્મૃતિ આદિક ધર્મશાસ્ત્રમાં જે રાજનીતિ બતાવી છે. તેને અનુસરીને નિયમ મુજબ પ્રજાનું પાલન પુત્રની પેઠે કરવું જોઈએ. રાજા એ પ્રજાનો પિતા છે. પિતા જેમ પુત્રનું પોષણ અને રક્ષણ પ્રેમપૂર્વક કરે છે, તેવી રીતે રાજાએ વત્સલભાવથી પ્રજાનું ભરણપોષણ અને રક્ષણ કરવા તત્પર રહેવું જોઈએ. તેમજ રાજાએ પૃથ્વી ઉપર શાસ્ત્રપ્રતિપાદિત સારો આચાર અને સદ્ધર્મનું સ્થાપન કરવું જોઈએ.

રાજાએ પ્રજાનું પાલન તથા રક્ષણ કરવા માટે રાજનીતિમાં જણાવેલા રાજ્યના સાત અંગો, ચાર ઉપાયો અને છ ગુણોને લક્ષણે કરીને યથાર્થ જાણવા જોઈએ, અમલમાં મૂકવા જોઈએ.

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

## રાજ્યના સાત અંગો

*(૧) સ્વામી :-* રાજા - રાજા ધર્મિષ્ઠ, નીતિમાન, ધીર, ઉદાર અને પ્રજારંજક હોવો જોઈએ.

*(૨) અમાત્ય :-* મંત્રી, પુરોહિત વગેરે - નીતિશાસ્ત્રનું અને લોકવ્યવહારનું તલસ્પર્શી જ્ઞાન ધરાવતું, અનુભવી તેમજ સ્વાર્થવૃત્તિ વગરનું પ્રધાનમંડળ હોવું જોઈએ.

*(૩) સુહૃદ :-* સાચી સલાહ આપનાર તથા સુખદુ:ખમાં સાથે ઊભા રહેનાર સાચા મિત્રો હોવા જોઈએ.

*(૪) કોશ :-* રાજ્યમાં અખૂટ ધન ભંડાર હોવો જોઈએ. રૂપિયો મૂલ્યવાન હોવો જોઈએ.

*(૫) રાષ્ટ્ર :-* દેશને તથા દેશના કાયદા કાનૂનને વફાદાર અર્થાત્ સ્વરાષ્ટ્રપ્રેમી પ્રજાજનો હોવા જોઈએ.

*(૬) દુર્ગ :-* નગરો કિલ્લેબંધી હોવા જોઈએ તથા દેશની સીમાઓ સુરક્ષિત હોવી જોઈએ, જેથી શત્રુઓનું સૈન્ય, આતંકવાદીઓ તથા દાણચોરો દેશમાં પ્રવેશી શકે નહિ.

*(૭) બલ :-* રાજ્યમાં ચતુરંગી - હાથી, ઘોડા, રથ અને પાયદળ વાળી સેના હોવી જોઈએ. અત્યારના યુગ પ્રમાણે હાથીકાય ટેંકો, ઘોડા જેવી વેગીલી મોટર ગાડીઓ, મોટર સાયકલો અને મંત્રસિદ્ધ બાણો જેવી મીસાઈલો વગેરે તેમજ ભૂમિદળ, નૌકાદળ અને હવાઈદળ વગેરે સશક્ત અને સુસજ્જ હોવા જોઈએ.

## ચાર ઉપાયો

*(૧) સામ :-* સમજાવટ - સાથે બેસી સમજૂતી કરી કાર્ય સિદ્ધ કરવું.

*(૨) દાન :-* દ્રવ્ય તથા પદાર્થ આપી કાર્ય સિદ્ધ કરવું.

*(૩) ભેદ :-* યુક્તિથી અથવા અંદરોઅદર ફાટફૂટ કરાવી કાર્ય સિદ્ધ કરવું.

*(૪) દંડ :-* ઘર, ખેતીવાડી ઝૂંટવી લેવાથી માંડી વધપર્યન્તની શિક્ષા કરી કાર્ય સિદ્ધ કરવું.

## છ ગુણો

*(૧) સંધિ :-* સ્વરાજ્યમાં આંતરિક વ્યવસ્થા ગોઠવવી તથા પડોશી રાજાઓ સાથે મૈત્રી બાંધવી.

*(૨) વિગ્રહ :-* શત્રુ રાજાઓને પરસ્પર ઝગડાવવા તથા શત્રુ રાજાના રાજ્યમાં અંત:કલહ જગાવવો વગેરેથી અપકાર કરવો.

*(૩) યાન :-* યોગ્ય સમય જોઈ શત્રુ રાજા ઉપર ચઢાઈ કરવી.

*(૪) દ્વૈધીભાવ:-* પોતાના સૈન્યના વિભાગ કરવા અને તેની યોગ્ય ગોઠવણી કરવી.

*(૫) સમાશ્રય:-* શક્તિશાળી રાજાનો આશ્રય લેવો, સહાય લેવી.

*(૬) આસન :-* યોગ્ય સમયની પ્રતીક્ષા કરતા રહી પોતાનું સ્થાન સાચવીને બેસી રહેવું.

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

આ પ્રમાણે રાજ્યના સાત અંગો, ચાર ઉપાયો તથા છ ગુણોને યથાર્થ જાણવા. તેમજ પોતાના રાજ્યમાં તથા પરકીય શત્રુ રાજ્યમાં ગુપ્તચરોને-જાસૂસોને ગોઠવવા તથા લેવડ-દેવડ આદિ અઢાર પ્રકારના જે વ્યવહાર તેને યથાર્થ જાણનારા સભાસદોને અધિકારના યોગ્ય સ્થાને નીમવા તથા શિક્ષા કરવાને યોગ્ય અથવા શિક્ષા કરવાને યોગ્ય નહિ તે સર્વેને તેમના લક્ષણે કરીને યથાર્થ જાણીને દેશકાળાદિકને અનુસરી સારાસારના વિવેકપૂર્વક શિક્ષાનો નિર્ણય લેવો.

આ રીતે વિવેક, વિનય અને નીતિ પ્રમાણે જે રાજા વર્તે છે તે રાજા પોતાની પ્રજામાં પ્રીતિનું પરમ પાત્ર બને છે અને રાજ્ય સિંહાસનને શોભાવતો થકો ચિરકાલપર્યન્ત સુખપૂર્વક રાજ્યલક્ષ્મીનો ઉપભોગ કરી શકે છે. આ પ્રકારે પોતાના આશ્રિત રાજાઓનું પરમ હિત ચિંતવન કરતા શ્રી સ્વામિનારાયણ ભગવાને રાજાના વિશેષ ધર્મોનો અહીં શિક્ષાપત્રીમાં ઉલ્લેખ કર્યો છે. તેને અનુસરનાર રાજાઓ આ લોક તથા પરલોકમાં પરમ સુખિયા થાય છે.

## વિધવા સ્ત્રીઓના વિશેષ ધર્મ

વિધવા સ્ત્રીઓના વિશેષ ધર્મ વિશે શ્રી સ્વામિનારાયણ ભગવાન આચારસંહિતા શિક્ષાપત્રીમાં શ્લોક ૧૬૩ થી ૧૭૨ સુધી સમજાવે છે કે વિધવા સ્ત્રીઓનું જીવન એ આર્ય સંસ્કૃતિની આદર્શ દૃષ્ટિએ પતિના વિયોગમાં તપશ્ચર્યાનું જીવન છે. કેમકે જેનો જીવનભરનો પ્રિયતમ સાથી જતો રહે છે તેને તેના જીવન સાથે લીધેલી પ્રતિજ્ઞાઓ અધૂરી રહી જાય છે. એ પ્રતિજ્ઞા પ્રમાણેનું જીવન અન્ય પુરુષને અર્પણ કરી શકાતું નથી. તેથી તેણે પરમ પુરુષ, સર્વ કોઈના પ્રતિપાલક અને માલિક જે ભગવાન તેમને પતિબુદ્ધિએ સેવવા. વિધવા સ્ત્રીઓએ પોતાના પિતા-પુત્રાદિક વગેરે જે સગા સંબંધી તેમની આજ્ઞામાં વર્તવું, પણ સ્વતંત્રપણે મનસ્વી રીતે ન વર્તવું; કેમ કે સ્વતંત્રપણાથી સ્ત્રીના ધર્મમાં અનેક વિઘ્નો આવવા પામે છે. તેમજ પોતાના પિતા, ભાઈ, પુત્ર વગેરે જેવા અતિ નિકટના પુરુષો સિવાય બીજા પુરુષનો ક્યારેય સ્પર્શ ન કરવો અને અવશ્ય કાર્ય વિના ક્યારેય બોલવું પણ નહિ. પરંતુ જો બાળક ધાવણો હોય ને તેને અડી જવાય, તેમાં પશુ આદિકને અડી જવામાં જેમ દોષ નથી તેમ દોષ નથી. તેમજ કોઈ વૃદ્ધ પુરુષ સાથે અતિ અગત્યના પ્રસંગે બોલવાનો કે અડવાનો પ્રસંગ આવી પડે તો તે પણ દોષ નથી. વિધવા સ્ત્રીઓએ પરાયા પુરુષ પાસે વિદ્યા ન ભણવી તથા વારંવાર ઉપવાસે કરી દેહનું દમન કરવું અને તેની પાસે પોતાનો જીવતપર્યંત દેહનિર્વાહ થાય એટલું જ જો ધન હોય તો તે ધન ધર્મકાર્યને વિશે પણ ન આપવું અને જો અધિક હોય તો આપવું.

વિધવા સ્ત્રીઓએ તપશ્ચર્યાપ્રધાન જીવન ગાળવાનો જે હેતુ છે તેને અનુસરીને રોજ દિવસમાં એકવાર આહાર કરવો અને પથારી પણ જમીન ઉપર કરવી. તેમજ કામભાવથી પરસ્પર ચેષ્ટા

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

કરતા કે વિષયવૃત્તિથી ઉત્તેજિત થયેલા પશુ-પક્ષીઓને પણ જોવા નહિ. તેમજ સુવાસિની સ્ત્રીના જેવો વેષ ન ધારવો તથા સંન્યાસણી તથા વેરાગણી તેના જેવો વેશ ન ધારવો અને પોતાનો દેશ, કુળ અને આચાર તેથી વિરુદ્ધ એવો જે વેશ તે પણ ન ધારવો અને પુરુષના શૃંગાર રસ સંબંધી વાર્તા ક્યારેય સાંભળવી કે કરવી નહિ. તેમજ ગર્ભની પાડનારી સ્ત્રીનો સંગ ન કરવો, હોળીની રમત ન કરવી વગેરે વિધવા સ્ત્રીઓના વિશેષ ધર્મ બતાવ્યા છે.

## નૈષ્ઠિક બ્રહ્મચારીના વિશેષ ધર્મ

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન શિક્ષાપત્રીમાં શ્લોક ૧૭૫થી ૧૮૭ સુધી નૈષ્ઠિક બ્રહ્મચારીના વિશેષ ધર્મો કહે છે કે નૈષ્ઠિક એટલે આજીવન પર્યંત વ્રતની નિષ્ઠા જેણે ધારણ કરી છે અને વર્ણી એટલે જેમના અંગમાં બ્રહ્મચર્યનું તેજ છે તેવા બ્રહ્મચારી. આવા નૈષ્ઠિક બ્રહ્મચારી જે શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત છે, તેમને ભગવાને આજ્ઞા કરી છે કે તેમણે સ્ત્રીઓને અડવું નહિ, તેની સાથે બોલવું નહિ, તેમજ તેની સામે બુદ્ધિપૂર્વક જોવું પણ નહિ. આ ઉપરાંત તેમણે સ્ત્રીઓ સંબંધી વાત પણ કરવી નહિ, તેમજ સાંભળવી પણ નહિ. કેમકે સાંભળનારના ચિત્તમાં તેની છાપ સારી કે બૂરી પડ્યા વિના ન રહે. પરિણામે તેનું ચિંતવન મનને વ્યગ્ર બનાવે છે. એ જ રીતે સ્ત્રીઓની અવરજવર થતી હોય તેવા સ્થળે બ્રહ્મચારીએ સ્નાન, શૌચ આદિ ક્રિયાઓ કરવા જવું એ પણ સલામત નથી. તેમજ બ્રહ્મચારીએ પોતાનું બ્રહ્મચર્યવ્રત અખંડ રહે તે માટે અન્ય સ્ત્રીની પ્રતિમા ચિત્રની કે કાષ્ઠ, પાષાણ, ધાતુ વગેરે કોઈપણ પદાર્થની હોય તો પણ તેનો સ્પર્શ કરવો નહિ કે જાણીને જોવી પણ નહિ. માત્ર સ્ત્રીરૂપમાં દેવની પ્રતિમા પૂજ્યપણાને લીધે બાધક નથી. બ્રહ્મચારીએ ચિત્રની કે કોઈપણ ધાતુની સ્ત્રીની પ્રતિમા ન બનાવવી તથા સ્ત્રીએ પોતાના શરીર ઉપર ધારેલું જે વસ્ત્ર તેને અડવું નહિ. તેમજ મૈથુનાસક્ત પશુપક્ષ્યાદિકને જાણીને જોવા નહિ. તેમજ સ્ત્રીના વેષને ધરી રહ્યો એવો જે પુરુષ તેને અડવું નહિ અને તેની સામું જોવું નહિ કે તેની સાથે બોલવું નહિ, સ્ત્રીઓને ઉદ્દેશીને ભગવાનનાં કથા કીર્તન તે પણ ન કરવાં. અને આવા બ્રહ્મચારીએ પોતાના બ્રહ્મચર્ય વ્રતનો ત્યાગ થાય એવું જે વચન તે તો પોતાના ગુરુનું પણ ન માનવું અને સદાકાળ ધીરજવાન, સંતોષે યુક્ત તેમજ માનેરહિત રહેવું.

ક્યારેક બળાત્કારે કરીને પોતાને અતિશય સમીપે આવતી એવી જે સ્ત્રી તેને બોલીને અથવા તિરસ્કાર કરીને પણ તુરત વારવી પણ સમીપે આવવા દેવી નહિ. પરંતુ ક્યારેક સ્ત્રીઓનો અથવા પોતાનો પ્રાણનાશ થાય એવો આપત્કાળ આવી પડે ત્યારે તો તે સ્ત્રીઓને અડીને અથવા તે સાથે બોલીને પણ તે સ્ત્રીઓની અને પોતાની રક્ષા કરવી. આ ઉપરાંત બ્રહ્મચારીએ પોતાના શરીરે તૈલમર્દન ન કરવું, ભયંકર વેશ ન ધારવો, રસના ઈન્દ્રિયને જીતવી. તેમજ બ્રાહ્મણના ઘરે સ્ત્રી

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

પીરસનારી હોય ત્યાં ભિક્ષા લેવા ન જવું, પુરુષ પીરસનારો હોય ત્યાં જવું તથા બ્રહ્મચારીએ ખંતથી વેદશાસ્ત્રનો અભ્યાસ કરવો, આદરપૂર્વક ભક્તિભાવથી ગુરુની સેવા પરિચર્યા કરવી, સ્ત્રૈણ પુરુષના સંગનો ત્યાગ કરવો, ચામડાના પાત્રના સ્પર્શવાળું પાણી ન પીવું, ડુંગળી, લસણ, હીંગ આદિ અભક્ષ્ય વસ્તુ ન ખાવી. તેમજ બ્રહ્મચારીએ સંધ્યા-વંદન, જપ, ભગવાનની પૂજા વગેરે કર્યા વિના ભોજન કરવું નહિ. આવી રીતે શ્રી સ્વામિનારાયણ ભગવાને નૈષ્ઠિક બ્રહ્મચારીના વિશેષ ધર્મ કહ્યા છે. જેનું પાલન કરવાથી નૈષ્ઠિક બ્રહ્મચારીને પોતાના વ્રતની રક્ષા થાય છે અને ભગવાનની પરમ પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

## સાધુના વિશેષ ધર્મ

શિક્ષાપત્રીમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન શ્લોક ૧૮૮ થી ૧૯૬ સુધી સાધુના વિશેષ ધર્મ સમજાવે છે કે અમારા આશ્રિત જે સર્વે સાધુ તેમણે નૈષ્ઠિક બ્રહ્મચારીની પેઠે સ્ત્રીઓના દર્શન ભાષણાદિક પ્રસંગનો સદંતર ત્યાગ કરવો; તેમજ અંતઃશત્રુ જે કામ, ક્રોધ, લોભ, માન વગેરે દોષોને જીતવા. સાધુએ પોતાની સર્વ ઈન્દ્રિયો ઉપર વિજય મેળવવો. તેમજ રસના ઈન્દ્રિયને તો વિશેષે કરીને જીતવી. સાધુએ દ્રવ્યનો સંગ્રહ પોતે કરવો નહિ તેમજ બીજા કોઈ પાસે કરાવવો નહિ અને કોઈપણ જાણીતા કે અજાણ્યા માણસની થાપણ (વસ્તુ) રાખવી નહિ. સાધુએ ક્યારેય પણ ધીરજતાનો ત્યાગ ન કરવો અને પોતાના ઉતારાની જગ્યામાં સ્ત્રીઓનો પ્રવેશ થવા દેવો નહિ. તેમજ સાધુએ આપત્કાળ પડ્યા વિના રાત્રિને વિષે સંઘ સોબત વિના એકલાએ ચાલવું નહિ તથા જે વસ્ત્ર બહુ મૂલ્યવાળું હોય, વિવિધ રંગથી ચિત્રવિચિત્ર હોય તથા શાલદુશાલા હોય ને તે જો બીજાની ઈચ્છાએ કરીને પોતાને પ્રાપ્ત થયું હોય તો પણ તે વસ્ત્ર પોતે પહેરવું ઓઢવું નહિ. તેમજ ભિક્ષા તથા સભાપ્રસંગ એ બે કાર્ય વિના ગૃહસ્થના ઘર પ્રત્યે જવું નહિ અને સાધુએ ભગવાનની નવ પ્રકારની ભક્તિમાં જ સમય પસાર કરવો પણ વ્યર્થકાળ નિર્ગમવો નહિ. તથા જે ગૃહસ્થના ઘર પ્રત્યે સ્ત્રીઓનો પ્રસંગ ન હોય ત્યાં સાધુએ જમવા જવું અને જો સ્ત્રીઓનો પ્રસંગ હોય તો કાચું અન્ન માગીને હાથે રસોઈ કરી ભગવાનને નૈવેદ્ય ધરીને જમવું.

સાધુએ જ્ઞાની છતાં સાવધાનપણે વર્તવું. જગતના મિથ્યા પ્રપંચોમાં આસક્તિ ન થઈ જાય અને પોતાની સ્થિતિમાં ટકી રહેવાય તે માટે બુદ્ધિપૂર્વક જડભરતના જેવી રીતભાત રાખવી. આ પ્રકારે શ્રી સ્વામિનારાયણ ભગવાને સાધુના વિશેષ ધર્મ કહ્યા છે.

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

## શિક્ષાપત્રીના શ્લોકોનું વિભાગીકરણ

| | |
|---|---|
| ૧-૧૦ | મંગલાચરણાદિ ઉપોદ્ઘાત. |
| ૧૧-૧૨૧ | સાધારણ ધર્મ. |
| ૧૨૨ | સાધારણ ધર્મોપસંહાર. |
| ૧૨૩-૧૩૨ | આચાર્યના વિશેષ ધર્મ. |
| ૧૩૩-૧૩૪ | આચાર્યપત્નીના વિશેષ ધર્મ. |
| ૧૩૫-૧૫૬ | ગૃહસ્થના વિશેષ ધર્મ. |
| ૧૫૭-૧૫૮ | રાજાના વિશેષ ધર્મ. |
| ૧૫૯-૧૬૨ | સધવા સ્ત્રીના વિશેષ ધર્મ. |
| ૧૬૩-૧૭૨ | વિધવા સ્ત્રીના વિશેષ ધર્મ. |
| ૧૭૩-૧૭૪ | સધવા વિધવાના સામાન્ય ધર્મ. |
| ૧૭૫-૧૮૭ | બ્રહ્મચારીના વિશેષ ધર્મ. |
| ૧૮૮-૧૯૬ | સાધુના વિશેષ ધર્મ. |
| ૧૯૭-૨૦૨ | વર્ણી સાધુના મિશ્રિત ધર્મ. |
| ૨૦૩-૨૧૨ | ઉપસંહાર |

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar